## આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ

## કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૧૬-૦૯-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

# PM-ગુજરાતની મુલાકાતે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિત વિકાસ અને શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા માટે ભારતની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. શ્રી મોદી ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં ચોથી વૈશ્વિક નવીનીકરણીય ઊર્જા રોકાણકાર સંમેલનને સંબોધન કરી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ પીએમ સૂર્યઘર મુફ્ત વીજળી યોજના રાષ્ટ્રને સમર્પિત કરી હતી.તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં રૂ. 8,000 કરોડથી વધુના મૂલ્યના બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું**

**શ્રી મોદીએ યુવાનો માટે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં રોજગાર અને કૌશલ્ય અંગેની પૂરતી તકો પર ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે તમામ હિતધારકો અને સંમેલનમાં ભાગ લઈ રહેલા પ્રતિનિધીઓને ભારતના ઊભરતા હરિત ઊર્જા ક્ષેત્રમાં રોકાણ કરવા વિનંતી કરી હતી.**

પ્રધાનમંત્રીએ અમદાવાદથી ગાંધીનગરને જોડતાં મેટ્રો પ્રોજેક્ટના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો અને સેક્ટર વનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં સવારી કરી હતી.

અમદાવાદ ખાતેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ અને અન્ય ટ્રેનોને લીલી ઝંડી બતાવી હતી.દરમ્યાન જિલ્લા મથક ભુજ રેલ્વે સ્ટેશન ખાતેથી નમો ભારત રેપિડ રેલને લીલીઝંડી મળતા ઘણા યાત્રિકોએ ફ્રિ ટ્રીપનો આનંદ લીધો હતો.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

RNU BHUJ

## સેવાસેતુ કાર્યક્રમ

રાજ્ય સરકાર દ્વારા વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની રજૂઆતોના ઝડપી ઉકેલ લાવી શકાય તે માટે સમગ્ર રાજ્યમાં આવતીકાલથી 31 ઓક્ટોબર સુધી સેવાસેતુ કાર્યક્રમના 10માં તબક્કાનો પ્રારંભ થશે. જેમાં વિવિધ વિભાગોની 55 જેટલી સેવાઓ નાગરિકોને પુરી પાડવામાં આવશે. જે અતંર્ગત અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા ગ્રામજનોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવશે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------

## કસ્ટમ વિભાગ-દવાનો જથ્થો જપ્ત

જીલ્લાના મુન્દ્રા પોર્ટ પરથી કસ્ટમ વિભાગ દ્વારા ચાર કન્ટેનરમાં ભરેલો પ્રતિબંધિત દવાનો જથ્થો જપ્ત કર્યો છે. જેની બજાર કિંમત 110 કરોડ રૂપિયા થવા જાય છે. પ્રતિબંધિત દવાનો આ જથ્થો સાઉથ આફ્રિકામાં મોકલવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું છે. કસ્ટમ વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**(NP/ શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------

## PM-જન્મ દિવસની ઉજવણી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિતે સાંસદ વિનોદ ચાવડા દ્વારા આવતીકાલે જીલ્લામાં વિકાસ વંચિતો, દિવ્યાંગો અને જરૂરતમંદો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. પ્રધાનમંત્રી જન કલ્યાણ લાભાર્થે ડો. બાબાસાહેબ આંબેડકર હોલ-ભુજ મધ્યે દિવ્યાંગોને સાધન-સહાય સાંસદના હસ્તે અપાશે. ભારત સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ 200 થી વધુ લાભાર્થીને વિવિધ સહાયો અપાશે. દિવ્યાંગો તથા મસ્ક્યુલર ડિસ્ટ્રોફી રોગના

RNU BHUJ

દર્દીઓ માટે સંસ્થાઓના સહયોગથી સાંસદ દ્વારા સવારે સાધનોનું વિતરણ કરાશે. તો મોટા આસંબિયા હાઇસ્કૂલમાં કોમ્પ્યુટર લેબનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરાશે.

**(NP/શીતલ વૈશ્નવ)**

---

## ઈદની ઉજવણી

મુસ્લિમ બિરાદરો આજે  હઝરત મોહમ્મદ પયગંબરના જન્મદિવસ મિલાદ-ઉન-નબીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યા છે. આ નિમિત્તે રાજ્યભરની સાથે કચ્છ જીલ્લામાં પણ મુસ્લિમ બિરાદરો દ્વારા જુલુસ યોજવામાં આવ્યા હતા. જુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લીમ બિરાદરો જોડાયા હતા.અને કોમી એકલાસની ભાવના સાથે ઈદે મિલાદની ઉજવણી  કરવામાં આવી હતી. ઈદનાં પર્વને અનુલક્ષીને મસ્જિદોને રોશનીથી ભવ્ય રીતે ઝળહળતી કરવામાં આવી છે.

RNU BHUJ

**(શીતલ વૈશ્નવ)**

---

## વિશ્વ ઓઝોન દિવસ

આજે આંતરરાષ્ટ્રીય ઓઝોન સ્તર સંરક્ષણ દિવસ ઉજવાઇ રહ્યો છે. વિવિધ વાયુઓના નરમ કવચના રૂપમાં, ઓઝોન વાયુનું  સ્તર પૃથ્વીને સૂર્યના કિરણોની હાનિકારક અસરોથી સુરક્ષિત કરેછે અને પૃથ્વી પરના જીવનને  બચાવવામાં મદદરૂપ થાય છે.

સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા ઘણા રાસાયણિક પદાર્થો ઓઝોન સ્તરને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યા હોવાનું મનાઈ રહ્યું  છે. આ વર્ષે આબોહવા ક્ષેત્રે આગળ વધો વિષય વસ્તુ સાથે ઓઝોન દિવસની ઉજવણી કરાઇ રહી છે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રમાં સ્પર્ધાઓ

આવતીકાલે 17મી સપ્ટેમ્બરએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીમાં બાળકો અને સામાન્ય જનતાની મહત્તમ ભાગીદારી સાથે થાય તે માટે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર - ભુજ દ્વારા પેપર રોકેટ બનાવવાની સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા, આરતી થાળી શણગાર સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યુ છે. વધુ માહિતી માટે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયુ છે

**(શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------

## માંડવી-સ્વચ્છતા અભિયાન

સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત અભિયાન અંતગર્ત ઘન કચરાના વ્યવસ્થાપનમાં સુધારો કરવાના હેતુથી માંડવી નગરપાલિકા દ્વારા આવતીકાલ તા. 17 સપ્ટે.થી તા. 31 ઓક્ટો. સુધી લોકોમાં જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ ઉપરાંત એવોર્ડ અને સન્માન સમારોહ જેવા વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે.

**(શીતલ વૈશ્નવ/NP)**

---------------------------------------------------------------------

RNO BHUJ